યુવા અવસ્થામાં પ્રવેશ્યા બાદ નરેન્દ્રએ ઘણી બધી બાબતોમાં પરાગંત થઈ ગયા હતા. ઘણા વાદ્યો શીખ્યા. ગાયક તરીકે પણ જાણીતા થયા હતા. યુવાન હતા ત્યારે જ તેમણે પાખંડી રીત રિવાજો અને જ્ઞાતિ અને ધર્મ આધારીત ભેદભાવો સામે અવાજ ઉઠાવ્યો હતો. આ જ અવસ્થઆમાં બ્રહ્મસમાજમાં જોડાયા. બાળપણથી જ તેમનામાં આધ્યાત્મિકતા તથા ઈશ્વર સાક્ષાત્કાર માટે લગાવ દેખાતો હતો. ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે તેવા વ્યક્તિની શોધમાં તેઓ શ્રી રામકૃષ્ણને મળ્યા એ તેમના શિષ્ય બની ગયા. રામકૃષ્ણએ તેમને એક ગુરુ તરીકે 'અદ્વૈત વેદાંત' અને બધા જ ધર્મો સાચા છે તથા માનવ સેવા એજ સાચી પ્રભુપ્રાર્થના છે તેવુ શીખવ્યું હતું. બધાને એક જ સવાલ પુછાતા હતા કે 'તમે ઈશ્વરને નજરે નજરો જોયા છે ?' આજ અરસામાં નરેન રામકૃષ્ણ પરમહંસને મળ્યા. પ્રથમ મુલાકાતમાં જ અજબ અનુભૂતિ થઈ. પછી તો એમને ગુરુપદે સ્થાપ્યા. રામકૃષ્ણ કહેતા 'બીજા ભક્તો તો નાના મોટા તારલા છે જ્યારે નરેન તો સૂર્યરૂપ છે. પિતાના મૃત્યુ પછી નરેનના જીવનમાં મોટી ઉથલપાથલ મચી ગઈ. રામકૃષ્ણની આસપાસના લોકો સમજી શકતા ન હતા કે શા માટે તેઓ વિવેકાનંદ પાછળ ઘેલા હતા. જો વિવેકાનંદ એક દિવસ પણ મળવા ના આવે તો રામકૃષ્ણ જાતે જ તેમ ને શોધવા જતા કારણકે તેઓ જાણતા હતા કે, આ છોકરા પાસે જ વહન કરવાની જરૂરી દ્રષ્ટિ છે. વિવેકાનંદને પણ એટલો જ રામકૃષ્ણ પ્રત્યે લગાવ હતો.

વિવેકાનંદ કહેતા 'મારા યુવાન મિત્રો, સુદ્રઢ બનો. મારી તમને એ સલાહ છે કે ગીતાના અભ્યાસ કરતા ફૂટબોલ રમવાથી સ્વર્ગની વધુ નજીક જશો.' (સ્વામી વિવેકાનંદ શતાબ્દી ગ્રંથમાળા, ભાગ-૪) અચંબિત થવાય એવી આ વાત સ્વામીજીએ અમેરિકાથી પાછા ફરતા આપેલા ૧૭ વ્યાખ્યાનોમાંના 'વેદાંત એન્ડ ઈટ્સ એપ્લીકેશન ટુ ઈન્ડિયન લાઈફ'ના વ્યાખ્યાનમાં કહેલી. તેઓ કહેતા કે જો તમારા બાવડાં અને સ્નાયુઓ વધુ મજબૂત હશે તો ગીતા વધુ સારી રીતે સમજાશે. તેમના માટે 'શરીરં આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ'નો સિદ્ધાંત ખૂબ મહત્વનો હતો. આ એ જ વિવેકાનંદની વાત છે જેઓ ભારતભ્રમણ વખતે પોતાની સાથે એક હાથમાં દંડ, બીજા હાથમાં કમંડળ, એક ભગવદગીતા અને ક્રાઈસ્ટનું એક પુસ્તક રાખતા. વિવેકાનંદે કહ્યું હતું કે, ''મને ૧૦૦ જેટલા નિષ્ઠાવાન લોકો આપો અને હું આ દેશની સૂરત બદલી નાખીશ. ભારતભ્રમણ વખતે તેઓએ કાશીમાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ પણ કર્યો. નાત-જાતમાં ન માનતા હોવાના કારણે વૃંદાવન જતા એક ચામરનો હોકો માગીને પીધો. એક મોચીના ઘરનું ભોજન લીધું.

નરેનમાંથી વિવેકાનંદ બન્યા એ દરમિયાન જીવનના અનેક ઉતારચઢાવ જોયા. શ્રી રામકૃષ્ણ પરમહંસે જ્યારે નશ્વર દેહ છોડ્યો, વિવેકાનંદ માટે આ પળ કપરી હતી. પણ પરમહંસે જ જાતને સંભાળતા શીખવું હતું. એમણે ગુરુજીનું ધર્મપ્રસાનું કામ ઉપાડી લીધું. વરાહનગરમાં એક નાનું મકાન ભાડે લઈ રામકૃષ્ણ

સંઘનો પ્રથમ મઠ સ્થાપ્યો. મકાન સાવ જીર્ણશીર્ણ હતું, બગીચામાં આડેધડ ઘાસ ઉગેલું હતું. ભોંયતળિયે સાપ હતા. લોકો કહેતા કે એ ઘરમાં ભૂત થતું હતું. મકાન વિચિત્ર તો હતું. પણ આટલા ઓછા ભાડામાં બીજી જગ્યા મળે તેમ ન હતી. એક માત્ર વિષેષતા એ હતી કે અહી એકાંત સહજ સુલભ હતું. બે જોડી વસ્ત્રો અને જમવામાં ભાત અને બાફેલા ભાજીપાનથી મહિનો સુધી ચલાવ્યું.

સ્વામીજીને લાગ્યું કે સાચું ધર્મદર્શન કરવું હશે તો પરિભ્રમણ કરવું પડશે, લોકસંસર્ગ કરવો પડશે. પછી પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યું અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો. આ યાત્રા દરમ્યાન જાતજાતના પ્રસંગો અને ભાતભાતના લોકોને મળવાનું થયું. તેમણે 'આત્માનો મોક્ષાર્થમ્ જગદ્ધિતાય ચ' સિદ્ધાંત પર શ્રી રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી' આ શબ્દો ઋગ્વેદના એક શ્લોકના છે. સ્વામીજી આ શ્લોકને જ પોતાની વાતો અને વ્યાખ્યાનમાં ઘણીવાર ટાંકતા હતા. પછીથી આ વાક્યાંશને રામકૃષ્ણ મિશનનું ધ્યેયવાક્ય બનાવવામાં આવ્યું. આ ધ્યેયવાક્ય માનવજીવનના બે ઉદ્દેશ્યને નિર્ધારિત કરે છે. પહેલા પોતાના મોક્ષ માટે અને પછી જગતના કલ્યાણ માટે વિચારવું જોઈએ. જો કે તેઓ તો એટલે સુધી કહેતા કે 'માણસે ખરેખર તો વ્યક્તિગત મુક્તિની ઈચ્છા પણ છોડવી જોઈએ અને અન્ય લોકોની મુક્તિ માટે થાક્યા વગર કામ કરવું તે સાચા જ્ઞાનીની નિશાની છે' સ્વામી વિવેકાનંદ વેદાંતની એવી વિચારધારામાં માનતા હતા કે જ્યાં સુધી આપણામાંથી તમામ મુક્ત ના થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિ સાચા અર્થમાં મુક્ત થઈ શકે નહીં. વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા સ્વામીજી ભાગ લેવા અમેરિકા જવા દરિયાઈ માર્ગે નીકળ્યા. આ જહાજ સિલોન, સિંગાપોર, હોંકગોંક, ચીન, જાપાન તથા અન્ય. બંદરોએ રોકાયું. આ સફરમાં સ્વામીજીને વિવિધ દેશની વિવિધ સંસ્કૃતિનો પરિચય થયો હતો. વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા સ્વામીજી ભાગ લેવા અમેરિકા જવા દરિયાઈ માર્ગે નીકળ્યા. આ જહાજ સિલોન, સિંગાપોર, હોંગકોંગ. ચીન, જાપાન તથા અન્ય બંદરોએ રોકાયું. આ સફરમાં સ્વામીજીને વિવિધ દેશની વિવિધ સંસ્કૃતિનો પરિચય થયો હતો. વિશ્વધર્મ પરિષદમાં એમના વ્યાખ્યાને સૌ શ્રોતાજનો પર જાદુ કર્યો. એમના વક્તવ્યથી અંજાઈને એક ધનાઢ્યએ ઘરે આવવા આમંત્રણ આપ્યું. ધર્મ પરિષદ પહેલા માલગાડીના ડબ્બામાં રાત વિતાવી હતી અને હવે શયન માટે અત્યંત વૈભવશાળી પલંગ મળ્યો. ભારતના ગરીબ લોકોનો વિચાર આવતા તેઓ ભોંય પર સુઈ ગયા. કહેવાય છે કે તેમને ઉંઘમાં એક દિવ્ય પ્રકાશ દેખાતો હતો અને તેમને ધ્યાન દરમિયાન બુદ્ધના દર્શન થતા હતા.

પ્રખર વક્તા વિવેકાનંદને યુનાઈટેડ સ્ટેટસના અમુક મંચોએ યુનિવર્સિટીઓ અને ક્લબોમાં વક્તવ્ય આપવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે કેટલાક જાહેર અને ખાનગી ભાષણોમાં કર્યા, અમેરિકા, ઈંગ્લેડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાતં, યોગ અને હિંદુ ધર્મનો પ્રચાર કર્યો હતો. તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટીઓની પણ સ્થાપના કરી હતી. માર્ગારેટ એલિઝાબેથ નોબલ (ભગિની નિવેદિતા) સ્વામી વિવેકનંદના પ્રવચનો અને બુદ્ધિ પ્રતિભાથી આકર્ષાઈને તેમનાં શિષ્ય બન્યા.

હાર્વર્ડ ખાતે તેમને બોલવાનું આમંત્રણ આપ્યા પછી જ્યારે રાઈટે જાણ્યું કે તેમની પાસે સંસદમાં બોલવા માટેનું સત્તાવાર ઓળખપત્ર નથી, ત્યારે રાઈટે એવું કહ્યું હોવાનું નોંધાયું છે કે 'તમારી પાસે ઓળખપત્ર મગાવું એટલે સ્વર્ગમાં પ્રકાશવા માટેનો પોતાનો અધિકાર જણાવવાનું સૂર્યને પૂછવા બરોબર છે.' પછીથી તેઓ ભારત પરત આવ્યા હતા તથા સન ૧૮૯૭ તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન–એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર–નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. ભારતના દરેક શહેરમાં એમનું ભવ્યાતિભવ્ય અભિવાદન થયું. તેમણે પ્રકૃતિથી સભર એવા નૈનીતાલ, શ્રીનગર, દહેરાદુન હિમાલય વગેરેની મુલાકાત લીધી. આ પ્રવાસ દરમિયાન તેમને સૂક્ષ્મતાનો સાક્ષાત્કાર થયો અને વ્યાપકતાની વ્યાખ્યા મળી હતી. તેમના 'ઉઠો, જાગઓ અને ધ્યેયપ્રાપ્તિ સુધી માંડ્યા રહો.' એ સૂત્રને અનુસરનારા દેશના હજારો યુવાનો હતા. એમની આવી પ્રેરણાદાયી વાતોથી નવજાગરણનો પ્રારંભ થયો. સ્વામી વિવેકાનંદ લોકોને રામકૃષ્ણ પરમહંસનો સંદેશો આપતા કહેતા કે' મને મુક્તિ મળે, તેવી વાત કરવી તે પણ સ્વાર્થ છે. ભારતમાં જ્યાં સુધી એક પણ દુ:ખી – દરિદ્ર છે ત્યાં સુધી મારે મુક્તિ ન જોઈએ. બેલૂર મઠમાં સ્વામીજીની લથડી છતાં અનેક મુલાકતીઓને મળતા અને સન્યાસીઓના વર્ગો લેતા. શિષ્યો આરામ કરવા કહેતા તો પણ આશ્રમની દરેક બાબતમાં સક્રિયતાથી રસ લેતા. ૪ જુલાઈ, ૧૯૦૨ના દિવસે ગંગા સામે ધ્યાન કરીને પથારીમાં કાયમ માટે પોઢી ગયા. સમગ્ર જીવન દરમ્યાન સખત પુરુષાર્થ કર્યો હતો એ આજે થાકેલા બાળકની જેમ મા જગંદબાના ખોળે સૂતા હતા. દેહાવસાનના ત્રણ દિવસ પહેલા એક જગ્યાએ આંગળી ચીંધીને કહ્યું હતું કે 'હું જ્યારે દેહ છોડું ત્યારે મારી અંતિમક્રિયા અહીં કરજો.' આજે પણ સ્વામી વિવેકાનંદનું મંદિર એ જ સ્થળે ઊભું છે.

# પ્લાસ્ટિકમુક્ત ભારત અભિયાનમાં આપણા સાથ વગર સફળ નહીં થાય

કુહાડા પર જોશભેર પગ માર્યાની પીડા બાદ હવે આપણી આંખ ઉઘડવા માંડી છે. પર્યાવરણ સાથે બેફામ ચેડાં કર્યાં પણ પીડા થવા માંડી અને ભયંકર ભાવિ જડબા ખોલીને સામું ઊભું રહી ગયું એટલે નાછૂટકે પરિવર્તન સ્વીકારવાની ફરજ પડી રહી છે.

આ દિશામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી પ્લાસ્ટિકમુક્ત ભારતની હાકલ અત્યંત આવકાર્ય પહેલ છે. પ્લાસ્ટિકથી પર્યાવરણને થતાં નુકસાન વચ્ચે લાંબા સમયથી ચર્ચા અને હોબાળા મચતા રહે છે. સ્થાનિક અને રાજ્ય સ્તરે અમુક પ્રકારના પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકાયો પણ એની ધારી અસર ઊભી થઈ નથી. આના માટે સૌથી વધુ દોષિત કોઈ હોય તે આ પ્રજા એટલે કે પોતે.

આપણે સમજાવવાથી માનતા નથી એટલે પ્રતિબંધ જેવું આત્યંતિક પગલું ભરવાની ફરજ પડે છે. આ સમજ અને વિવેકબુદ્ધિનું આપણે પોતે કરાવેલું અપમાન છે. આ સંજોગો રાષ્ટ્રભરમાં પ્લાસ્ટિક હટાવો ઝુંબેશના શ્રીગણેશ મહાત્મા ગાંધીના ૧૫૦મા જન્મદિનથી થશે. મોદી માત્ર આ અભિયાનની જાહેરાત કરીને અટક્યા નથી, બલકે તેમણે પ્લાસ્ટિકના કચરાનો નાશ કરવા માટે દેશભરની પાલિકાઓ, સમાજસેવી સંસ્થાઓ અને કંપનીઓ સૂચવે એવી અપીલ સુદ્ધાં કરી છે. હવે નગરપાલિકા, મહાપાલિકા, જિલ્લા પ્રશાસન, ગ્રામ પંચાયત, સરકારી અને બિનસરકારી સંગઠનોને આહવાહન કરાયું છે કે પ્લાસ્ટિકનો કચરો જમા કરવા અને એના નિકાલની વ્યવસ્થા વિચારો.

આ અભિયાનને નવી ક્રાંતિ ગણાવીને વડા પ્રધાને પોતાની ગંભીરતા સ્પષ્ટ કરી છે. હવે પ્લાસ્ટિકની ચીજોના વેપાર અને વપરાશ સાથે એના ઉત્પાદન પર જ રોક મૂકવાનું શા માટે ન વિચારવું જોઈએ. આ રાષ્ટ્રવ્યાપી પ્લાસ્ટિક હટાવ ઝુંબેશ અગાઉ એના વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. આ દિશામાં કેન્દ્રના પરિવાહન પ્રધાન નીતિન ગડકરીએ ઉપયોગી સૂચન કર્યું છે. દેશના મહત્ત્વના રેલવે સ્ટેશન, ઍરપોર્ટ અને બસ ડેપો જેવાં જાહેરસ્થળોએ પ્લાસ્ટિક કે કાગળના કપને બદલે માટીના કપ એટલે કે કુલડીમાં ચા આપવી જોઈએ. આમાંથી કાગળ બચશે અને વૃક્ષો ઓછા કપાશે. પ્લાસ્ટિકના કપ બંધ થવાથી અનેક ફાયદા થશે જે ગણાવવાની જરૂર નથી.

માટીની કુલડીથી સ્થાનિક કુંભાર બાંધવોને રોજગાર મળશે. ખાદી એ ગ્રામ ઉદ્યોગ નિગમ વધુ કુલડી બનાવવા માટે કુંભારોને પ્રોત્સાહન આપવાની દિશામાં સક્રિય થઈ ચૂક્યું છે. ભવિષ્યમાં રેસ્ટોરાં, હૉટેલ અને ચાના ગલ્લા પર પણ માત્ર કુલડીમાં જ ચા આપવાનું શરૂ થાય એ દિવસો દૂર નથી.

સરકાર ગમે તેટલું કરે પણ આપણે પોતે પ્લાસ્ટિકને દૂર હડસેલી ન દઈએ ત્યાં સુધી અર્થપૂર્ણ પરિણામ હાથ લાગવાના નથી. પ્લાસ્ટિક નાબૂદી અને સ્વચ્છતા જેવા અભિયાન જનતા માટે છે. જો આપણે અમલમાં મન-ચોરી કરીશું તો ક્યારેય પૂરેપૂરી સફળતા મળવાની નથી.

માત્ર ૧૫મી ઑગસ્ટે કે ૨૬મી જાન્યુઆરીએ જયહિંદ જયહિંદ જયહિંદ બોલીને દેશભક્તિ બતાવી શકાય એવું નથી. એક સાચા નાગરિક તરીકેની નાની-નાની ફરજ બજાવવાની વધુ જરૂરી છે. દેશ માટે અને આપણા સૌ માટે.

*- સાભાર ગુજરાત સમાચારમાંથી*

# આજનું આધુનિક પ્રદુષણ ઈ. એમ. આર.

ઈ.એમ. આર. એટલે કે ઈલેક્ટ્રીક મેગ્નેટીક રેડિએશન. આજનું આપણું આધુનિક જીવન અસંખ્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી ખુબજ સતત રોજીંદી રીતે ઘેરાયેલું બન્યું છે. જેથી હવે તેની પણ આપણી તંદુરસ્તી માટેની સતત સમજણ અને કાળજી એટલી જ ગંભીર બની છે. જેમ કે તત ટી.વી. જોવાથી થાકનો અનુભવ થવો અને આંખો ખેચાવી. લાંબા સમય સુધી ઈયરફોનથી સાંભળવામાં આવતું સંગીત કાનમાં દુખાવો ઉત્પન્ન કરે છે. સતત ટી.વીય. જોવાથી કેટલાય બાળકોને નાની ઉંમરથી ચશ્મા આવી જાય છે. માતા-પિતા સતત પોતાના કામોમાં વ્યસ્ત રહેતા હોવાથી બાળકોને સતત ટી.વી. જોવાની આદતો અને અનેક બીજા ઈલેક્ટ્રોનિક ઉપકરણોની આદત પડી જાય છે.જેમ કે ટી.વી. કોમ્પ્યુટર, સ્માર્ટફોન, ટેબ્લેટ, લેપટોપ, કેમેરા, વિડિયો રમતો અન્ય ઈલેક્ટ્રોનિક રમકડાંઓ વગેરે. જેથી તેઓ ઘર બહાર રમાતી રમતો વિષે ઘણા અજાણ બની જતા હોય છે અથવા તો તેમાં ક્યારેય પોતે કૌશલ્ય મેળવી શકતા નથી. ઉપરાંત આથી એમને પોતાના અભ્યાસમાં એકાગ્રતાનો પણ અભાવ વધતો જાય છે. અને ચીડિયા બની જાય છે. આ પ્રદુષણનું મોટું જાળું આપણી સૌની આજુબાજુ ખુબજ અદ્રશ્ય રીતે ઘેરાયેલું હોય છે. જે એક મોટી લાલ બત્તી સમાન છે. એ દરેક વ્યક્તિની ઊંઘ ઉપર અને યાદશક્તિ ઉપર પણ ખરાબ અસરો પાડે છે.

જે આપણી સૌની ફક્ત સામાજિક, વ્યક્તિગત અને રચનાત્મક કૌશલ્યો ઉપર જ ખરાબ અસર નથી પેદા કરતું, પરંતુ શારીરિક માનસિક અને હૃદયની લાગણીઓ ઉપર પણ ખરાબ અસરો ઉભી કરે છે. ખાસ એમને જેઓ સતત આ સાધનોથી સતત જોડાયેલા રહે છે કે રહેવું પડતું હોય છે. નવથી બાર વર્ષના બાળકોને આશરે ૧૦ કલાકની ઊંઘ જરૂરી હોય છે. જો તે ના મળે તો તેમની શારીરિક અને માસનિક તંદુરસ્તી જોખમાય છે. તો તેમને તેનાથી એકદમ દૂર ન કરી દેતા યોગ્ય રીતે માર્ગદર્શન આપવું જોઈએ મારા આ લેખનો મુખ્ય હેતુ આ વિષયની દરેક જાણમાં અત્યંત જાગૃત આવે અને સતત સભાનતા રહે તે જ છે.

આંખોને સતત ખેંચાણ આવવાથી, આંખો સુકાઈ જાય છે. જેનાથી આંખોમાં બીજા ચેપો જલ્દીથી લાગી જાય છે. એવું પણ જણાયું છે કે સતત મોબાઈલ ફોનના વપરાશથી પુરૂષના વીર્ય ઉત્પાદનમાં અને તેની ગુણવત્તામાં પણ ઉણપ આવે છે. જે સંતાન ઉત્પત્તિમાં બાધા રૂપ બનવાનું પણ એક કારણ બની શકે છે. ઉપરાંત કોઈને પણ અમુક પ્રકારના કેન્સરો, જેવા કે લ્યુકેમિયા, થાઈરોઈડ, સ્તન અને પેટના કેન્સરો થઈ શકે છે. ઘણીવાર કેટલાક એવા લોકોને કેન્સર થયેલું જોવા મળે છે જેમને કોઈપણ પ્રકારનું વ્યસન ના હોય છતાં પણ કેન્સર થયું હોય છે ત્યારે દર્દી મોટી મુંઝવણમાં આવી જતું હોય છે. તો આવી તેમની જીવનશૈલી છે કે નહિ તે પણ જાણવું તેમના માટે ઘણું મદદરૂપ થઈ શકે છે.

આવા સાધનોના સતત વપરાશથી બેસવાની અયોગ્ય સ્થિતિ પેદા થાય છે, જેનાથી કેટલાય પ્રકારના કમરના દુખાવાઓ પેદા થાય છે. સતત ચેટિંગ કે ફોન ઉપર વાતચીતો કરતા રહેવાથી માનસિક તાણ ઊભી થઈ તંદુરસ્તી બગડતી હોય છે. માથાના દુખાવા થવા ભૂખ ન લાગવી વગેરે તો બધું તો અલગ જ. સતત અમુક મુદ્રામાં કામ કર્યા કરવાથી લોહીના પરિભ્રમણમાં અવરોધ પેદા થવાથી કોણીના અને અન્ય સાંધાઓમાં દુખાવાઓ વધી જાય છે. ગર્ભસ્થ સ્ત્રીઓ જે તેના પેટમાં રહેલા બાળકના મગજ ઉપર ખરાબ અસરો થવાથી તે વધુ ચંચળ અને ચીડિયા સ્વભાવનું બની શકે છે. ઈ. એમ. આર. જેને ઈલેક્ટ્રોનિક મેગ્નેટિક રેડિએશન કહે છે, જેની દરેક સજીવ અને માનવો પર આવી અસરો થાય છે. તે માટે હવે એન્ટી રેડિએશન સાધનો પણ અસ્તિત્વમાં આવ્યા છે. મોબાઈલ ફોન ઉપર આવી ચીપ લગાવી શકાય છે. જે ઘણાની સતત કાન કે હૃદય પાસે રહેતો હોય છે. અને ખાસ તો દરેક શહેરોમાં આવા રેડિએશનો તેની લઘુત્તમ માત્રા કરતા ખુબજ ઉંચા પ્રમાણમાં રહેલા છે અને વાયલરેલ ઉપકરણો જેવા કે ખાસ વાઈફાઈ, બ્લુટુથ, કોડલેસ ફોન વગેરેના આવા રેડિએશનોનું મોટું અદશ્ય જાળું આપણી સૌની આજુબાજુ વાતાવરણમાં રહેલું છે.રસોડામાં માઈક્રોવેવ ઓવનના પણ આવા રેડિએશનો વાતાવરણમાં હોય છે. ઘરથી લઈને, દરેક મકાનો, સ્કૂલો, કોલેજો, હોસ્પિટલો પછી એફ.એમ. રેડીઓના રેડિએશનો-તરંગો અને ભારતમાં હજુ કોઈ આવા રેડિએશનોની લઘુત્તમ મર્યાદાઓ નક્કી નથી થઈ અને અન્ય દેશોમાં પણ જો કોઈ એવી મર્યાદા હોય તો તે પણ તેની હદમાં છે કે નહિ તેની પણ જાણકારી લેવી અને રાખવી અત્યંત તંદુરસ્તી

માટે આજના આધુનિક યુગમાં ઘણું જ મહત્વનું બની જાય છે. ફોન ઉપર વાત કરતા વાહનો ચલાવતા રહેવાથી થતા અકસ્માતોની સંખ્યા ઘણી ઉંચી હોય છે.

તો હવે જો આ બધું સતત જરૂરી જ હોય તો આપણે પોતે આનાથી પોતાની તંદુરસ્તી માટે શું અને કેવી રીતે ધ્યાન રાખીશું ? તો અત્યારે તો આવા ઈલેક્ટ્રોનિક મેગ્નેટિક એડિએશનોથી બચવા માટે તેને રોકી શકે તેવા ઉપકરણો અસ્તિત્વમાં આવ્યા છે, જેવા કે ગળામાં પહેરવાના લોકેટ કે કાંડામાં પહેરવાનાં બ્રેસલેટ વગેરે. જેનો ઉપયોગ કરવો જ અત્યારે સૌથી સરળ લાગે છે. કેમકે જમીન ઉપર ચાલવા આપણે પગમાં પગરખાં પહેરીએ છીએ. તો અહીં ટૂંકમાં એટલું જ જાણવાનું કે આવા કિરણોનો આપણા દરેક જણના જીવન અને તંદુરસ્તી ઉપર ગંભીર અસરો હોય છે તો તે માટે સતત જાગૃતિ રહે.

આમ ''આજનું આધુનિક પ્રદુષણ ઈ.એમ.આર.'' અને તે શું છે તેને અહીં ટૂંકમાં જણાવવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે કે આ માહિતી આપ સૌને આરોગ્ય માટે ઘણી ઉપયોગી બને. આપ સૌની તંદુરસ્તી હંમેશા જળવાઈ રહે તેવી શુભેચ્છા સાથે આપ સૌને વંદન અને ધન્યવાદ.


૪૨ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા ત્રિશલા નિર્મીત જૈન સ્તવનો નું કાંરવા

TRISHLA ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ પ્રસ્તુત કરે છે

ભક્તિ ગુંજન

રિચાર્જેબલ, પૉટેબલ જૈન સ્તવન મ્યુઝીક પ્લેયર

મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો




૧૦૦૦ થી અધીક જૈન સંગ્રહ

૧૩૫ કલાક નો ખજાનો

૧૬ GB મેમરી કાર્ડ

શ્રી ભક્તામર સ્તોત્ર • રત્નાકર પચ્ચીસી • અરિહંત વંદનાવલી
ભાવના ગીત સંગ્રહ • અમી ઝરણા- જૈન સ્તવનો • સ્તુતિઓ
શાંતિલાલ શાહઃ જૈન સ્તવનો, કથાગીતો, પૂજા સંગ્રહ • નવસ્મરણ
પ્રતિક્રમણ - રાઈ, દેવસી, સવંત્સરી • સજ્ઝાય • ધૂન - મંત્ર
આનંદઘન ચોવીસી • પુણ્યપ્રકાશનું સ્તવન • પ્રાર્થના ગીત સંગ્રહ
શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ • દિવાળી ચોપડા પૂજન

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

પ્રભાવના માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

TRISHLA ELECTRONICS - 98200 59899
સંપર્કઃ શાંતિલાલ ગોસર ❖ ફોનઃ ૯૮૨૦૦ ૫૯૮૯૯

Buy Online : www.trishlaelectronics.com • કુરીયર દ્વારા હોમ ડિલીવરી


## ''ચાતુર્માસ પરિવર્તન''

તીર્થંકર ભ.ની આજ્ઞા પ્રમાણે દરેક પંચમહાવ્રતધારી આત્માઓએ અષાઢ સુદ પુનમ (ચૌમાસી પાખી)ના પાખી પ્રતિક્રમણના કાળ પહેલા જ્યાં ચાતુર્માસ અર્થે ૪ મહિના સ્થિરતા રાખવાની હોય છે તે સ્થાને પ્રવેશ કરી લેવો તે જરૂરી નહીં પણ અનિવાર્ય છે. આપણે સહુ વિદિત છીએ કે તીર્થંકર ભગવાને સાધુઓ માટે નવ કલ્પ અને સાધ્વીઓ માટે પાંચ કલ્પની પ્રરૂપણા કરી છે. તેમાંથી એક કલ્પ તે ચાતુર્માસ કલ્પ જે અષાઢ સુદ પૂનમથી કારતક સુદ પૂનમ સુધી હોય છે. તેનો મતલબ એ કે કારતક વદ એકમના બીજના કે ત્રીજના ચઉમ્માસિય પખી પ્રતિક્રમણ કરીને વિહાર કરવો આવશ્યક છે.

''નદીના નીર વહેતા ભલા અન સંતો વિચરતા ભલા'' એ ન્યાયે મોક્ષમાર્ગ પર ચાલનાર, વીતરાગ દેવની આજ્ઞાનું પાલન કરનારા સાધુ-સાધ્વીઓ સંસારીના રાગમાં રંગાઈ ન જાય અને સંબંધોને પુષ્ટી ન મળે તે માટે વિહાર અતિ આવશ્યક છે. કહેવાય છે ને કે જેના એક અને અનેક તે સાધુ અને જેના Dress એક અને Address અનેક તે સાધુ અને જેના Dress અનેક અને Address એક તે સંસારી. આવા સંસારીના મોહપાશમાંથી છૂટવા અને શરીરની અનુકૂળતાઓને છોડવા ભગવાને વિહાર અનિવાર્ય બતાવ્યો છે.

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રમાં શૈલકમુનિના જીવનનો ઉલ્લેખ છે. સાધુ જીવનની અપ્રમત્ત અવસ્થાનુ એટલે કે આવશ્યક ક્રિયાનું યાદ અપાવતું દૃષ્ટાંત બતાવતા કહે છે કે શૈલકમુનિ પોતાના ૫૦૦ શિષ્ય સાથે શૈલક નગરીમાં રોગની ચીકીત્સા માટે પધારે છે. અનુકૂળ ઔષધ, ભેષજ થઈ સ્વસ્થ અને તંદુરસ્ત થઈ ગયા પછી પણ પ્રમાદ અને આસક્તિને વશ થઈ વિહાર ન કરતાં ત્યાં જ સ્થિર થઈ ગયા, એક પછી એકશિષ્યો તેમને છોડીને જતા રહ્યા ફક્ત એક પંથકમુનિ ગુરુની સેવામાં રહ્યા. જ્યારે ચાતુર્માસ પાક્ખીનો દિવસ આવ્યો ત્યારે પણ ગુરુ તો પ્રમાદમાં જ રહ્યા પરંતુ શિષ્ય જ્યારે પ્રતિક્રમણ માટે ગુરુની આજ્ઞા લેવા તેમના મસ્તકે સ્પર્શ કરે છે ત્યારે ગુરુની નિદ્રામાં ભંગ પડતા તેઓ ક્રોધિત થઈ જાય છે અને ત્યારે પંથકમુનિ નમ્રતાપૂર્વક ચૌમાસી પાક્ખીની વાત કરે છે અને ગુરુની ધર્મ-ચેતના જાગી ઉઠે છે અને તેઓએ બીજાજ દિવસે વિહાર કર્યો.

આ છે ચાતુર્માસ પરિવર્તન (ઠાણા-ઉઠાણા)ની ઘણા સમયથી ચાલી આવતી ભગવાનની આજ્ઞા પ્રમાણેની પરમપરા જેને દરેક સંયમી આત્મા ભાવપૂર્વક તથા શ્રદ્ધાપૂર્વક પાળે છે. ધન્ય છે તેઓશ્રીના કર્તવ્યનિષ્ઠાને.

સંકલન : સુરેશભાઈ પંચમિઆ

*સાભાર - કાઠિયાવાડી જૈનમાંથી*

# વેપારમાં મોટી નિષ્ફળતા બાદ ફરીથી બેઠા કેવી રીતે થવું

■ ચંદ્રેશ પારેખ

આવી રહેલા પરિવર્તનને સ્વીકારવાનો આ સમય છે. દિલ ખોલીને સૌથી પહેલાં તો સ્વીકારી લો. ખોટા આગ્રહ મૂકી દો. આજે મંદી છે, માન્યું, પણ એ કાયમી નથી. કાયમી કંઈ જ નથી સાહેબ, તો મંદીની શું ઔકાત સ્વીકાર, ધીરજ અને પ્રયત્નો-આટલું જો હશેને તો આ સમય સ્વસ્થતા સાથે નીકળી જશે, પરંતુ એ પહેલાં જો હાર્યા તો મર્યા સમજજો

એકસરખા સુખના દિવસ કોઈના જાતા નથી, એથી જ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી. યસ, સુખ જો કાયમી નથી તો દુઃખ ક્યાંથી હોય. વેલ, અહીં અત્યારે ભાષણ કે આશ્વાસન આપવાનો કોઈ ઈરાદો નથી. માત્ર વાસ્તવિકતા પર લાગેલી થોડી હતાશા, નિરાશા અને નકારાત્મકતાની ધૂળ ખંખેરવાનો પ્રયાસ છે. એક પછી એક મોટા વેપારીઓના આપઘાતના આંકડાઓ. મોટા ભાગના વેપારીઓની બેલેન્સશીટમાં ઘટી રહેલા ટર્નઓવરનો રેશિયો અને ધંધાના નિયમોમાં મોદી સરકારનાં નવાં ધારાધોરણોનો ભય આ બધાએ આ વેપારના માહોલમાં અને વેપારીઓના મનમાં અજંપો ઉમેરવાનું કામ કર્યું છે. જોકે આવું કંઈ પહેલી વાર નથી બન્યું. આના કરતાં પણ વધારે વણસેલી પરિસ્થિતિમાંથી આપણું અર્થતંત્ર પસાર થયું છે અને એમાંથી ફરી એકવાર બેઠું પણ થયું છે. અત્યારની વ્યાપારીઓની મનસ્થિતિને ધ્યાનમાં રાખીને અમે આ ક્ષેત્રના અગ્રણીઓ તેમ જ વેપારમાં મોટી નુકસાની વેઠીને એમાંથી ફરી બેઠા થનારા કેટલાક લોકો સાથે વાત કરી ત્યારે શું જાણવા મળ્યું એ વાંચો આગળ.

**એક જ ક્ષણમાં કરોડોની નુકસાની, કાપો તો લોહી ન નીકળે એવી હાલત હતી : જિનેશ માટલિયા**

મલાડમાં રહેતા જિનેશ માટલિયા શેરબ્રોકિંગમાં અગ્રણી નામ ધરાવે છે. શેરબજારમાં ક્લર્ક તરીકેની નોકરીથી શરૂઆત કરનારા જિનેશભાઈએ આગળ જતાં પોતાની રીતે બ્રોકિંગ કર્યું. સફળતા મળતી ગઈ અને સાહસ વધતું ગયું. છેલ્લે પોતાની ફર્મ શરૂ કરી. મોટી રકમ રોકીને બહોળો પ્રોફિટ રળવાની રફતારમાં જોકે એકવાર ખૂબ મોટી બ્રેક લાગી ગઈ. જિનેશભાઈ કહે છે, લગભગ ૩૩ વર્ષની ઉંમર હતી. ત્યાં સુધી મોટા પાયે નુકસાન શું હોય એ જોયું નહોતું. ધાર્યા મુજબ રિઝલ્ટ મળે એમ કોન્ફિડન્સ વધતો જાય. જોકે શેરબજારમાં કેટલીકવાર અનાયાસ બનેલી ઘટનાની ખૂબ ઊંડી અસર પડતી હોય છે. એવું જ થયું. પૂરા વિશ્વાસ સાથે સતત ઊંચી જઈ રહેલી 'એ' ગ્રેડની કંપનીના શેર મેં લીધા હતા. મેં જે રકમમાં લીધા એના કરતાં ભાવ વધતા ગયા તો પણ વેચ્યા નહીં, એ આશામાં કે હજી ભાવ ચડશે. એને બદલે એક ઘટનાને કારણે એની કિંમત કોડીની થઈ ગઈ. સમજોને કે ૧૦૦ રૂપિયાના શેરના પાંચ પૈસા પણ ન આવે. આભ ફાટી પડ્યું મારે માથે. બહારથી પૈસા લાવેલો. હવે શું કરવું ? આબરૂ જાય એ મંજૂર નહોતું. એ સમયે બનેલું એવું કે જેઓ સાથ આપશે એની પૂરી શ્રદ્ધા હતી એવા કેટલાક લોકોએ મોં ફેરવી લીધું. ગાંઠની તમામ મૂડી પણ ડૂબી ગઈ. પરિવારમાં કોઈને વિગતવાર વાત નહોતી કરી. કરોડો રૂપિયાનું નુકસાન હતું. ઘણાં બધાં ઈન્વેસ્ટમેન્ટ તોડીને જેટલી ચુકવાઈ એટલી રકમ ચુકવતો ગયો. જ્યાં હાથ ટૂંકા પડ્યા ત્યાં સમયની મુદત માગી. એ સિવાય કોઈ ચારો પણ નહોતો.

સ્વાનુભવ પરથી કહું છું કે એ ઘડી એવી જ હતી કે સામે અંધકાર સિવાય કંઈ ન દેખાય. થોડા મિત્રો હતા તેમનો મોરલ સપોર્ટ ન મળ્યો હોત તો ખબર નથી મારું શું થયું હોત. લગભગ ચાર વર્ષ મને મારા પર ચડેલાં દેવાને ઉતારતા ગયા. એ નુકસાન મારામાં જોરદાર પરિવર્તન પણ લાવ્યું છે. આજે ફરી જ્યાં હતો એના કરતાં બહેતર સ્થિતિમાં આવી ગયો છું અને એવું લાગે છે જાણે એ સમય આવ્યો જ નહોતો. જોકે મારા પોતાના અનુભવ પરથી કહીશ કે પરિસ્થિતિથી ભાગવાને બદલે એનો સ્વીકાર કરીને આગળનો વિચાર કરવામાં આવે તો એમાંથી બહાર નીકળવાનું વધુ સહેલું બને છે.'

આ દુનિયામાં બધું જ પોસિબલ છે. ૭૦ વર્ષની કોંગ્રેસની સરકારની એક જ માણસ આવીને હવા કાઢી નાખે.

દાયકાઓથી રાજ કરતી અનેક મલ્ટિનેશનલ કંપનીઓએ ઊભી પૂંછડીએ ભાગવું પડે. એક મોબાઈલ કંપનીએ ઘટાડેલા કોલરેટથી અન્ય. તમામ કંપનીઓના પગ તળેથી જમીન ખસકી જાય એવું પણ બને. એક વસ્તુ સમજી લો કે આ દુનિયામાં બધું જ બની શકે અને એટલે જ આવી મંદી પણ આવી શકે. તમે ધાર્યા કરતાં નફાની ગણતરીઓ ઊંધી પડી શકે છે. આજના સમયમાં વેપારીઓએ આ વાત દિલ ખુલ્લું રાખીને સ્વીકારવી પડશે.

અમિતાભ જેવા અમિતાભે દિલ ખોલવું પડ્યું હતું. એક જમાનાના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન યશ જાહેર પાસે સામેથી કામ માગવા ગયેલા અને મારી પાસે પૈસા નથી એવું કહેતી વખતે મારી આબરૂનું શું થશે એવું વિચારીને ઘરે જ રહ્યા હોત તો આજે તેઓ જ્યાં છે ત્યાં ન પહોંચ્યા હોત. દિલ ખોલી દો અને કહી દો કે મને નુકસાન ગયું છે. આબરૂની ચિંતા અત્યારે રહેવા દો. મારી પાસે પૈસા નથી અને આવશે ત્યારે પાઈ પાઈ ચૂકવીશ. તમારા શબ્દોમાં સત્ય હશે અને જો નિયત સાફ હશે તો તમારી પાસે પૈસા માગનારા લોકો પણ થોડો સમય ધીરજ રાખશે. અત્યારે ધંધાની સ્ટાઈલ બદલાઈ ગઈ છે. તમે ખાલી હાથે આવ્યા અને અહીં કરિયાણાની દુકાન કરીને પણ કરોડપતિ થઈ શક્યા, પણ હવે એ જ મેથડથી કામ કરશો તો કદાચ પરિણામ ન આવે. આજે લોજિક સાથે, તર્કબદ્ધ પ્લાનિંગ મહત્ત્વનું બન્યું છે ધંધામાં. આ સ્વીકારો અને બદલાઓ.

બાંધકામ ઉદ્યોગ આજે મંદીના માહોલ ફસાયો છે. ઘણાબધા બિલ્ડરોના પ્રોજેક્ટ વર્ષોથી બંધ છે. તેના કારણોમાં પૈસાની ખેંચ સરકારી ઓફિસોમાં ફાઈલ અટવાયેલી હોવી ગમે તે કારણો હોય તમે હાથ ઉપર હાથ ધરીને બેસસો તમારી જિંદગી પૂરી થઈ જશે. તમારી સમસ્યાઓનું નિરાકરણ તમારે જ લાવવાનું છે. સરકાર પાસે જઈ તમારી સમસ્યાની રજૂઆત કરો. મિત્રો જિંદગી ટૂંકી છે. કોઈ પણ વાતને કાલ ઉપર મુકવા કરતા આજે જ તેનું સમાધાન શોધો. તમને નાણાં ધીરનાર અને તમારા ઘરાકો એનો વિશ્વાસ જીતવા માટે તેમની સાથે મિટિંગ કરી તેમના નાણાં તથા ફ્લેટનુંપાકું કમિટમેન્ટ આપો.

તમારી જાતને સમાજમાં નિષ્ફળ વ્યક્તિ ગણાવી ન હોય તો આજે જ કામ પર લાગી જાઓ. મનુષ્ય જન્મ એક વાર મળે છે. મિત્રો માટે નીતિ સાચી રાખો, સખત મહેનત કરો ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો.

વેપારી જગતના બે પ્રકારના લોકો છે. શેમફુલ જેને આબરૂ જવાનો એટલો ડર છે કે પ્રાણ આપી દે છે. વધુપડતી શેમફુલનેસને પંપાળશો તો એ મોત નોતરશે અને બીજા શેમલેસ. નફ્ફટ થઈને બીજાના પૈસા ડૂબાડીને પોતે લીલાલહેર કરશે. આ પ્રકારની પ્રકૃતિના લોકો જેલમાં જશે. પૈસા લેનારને એટલું જ કહીશ કે પાછા આપવાની નિયત સાથે નવેસરથી આગળ વધો. જો નુકસાન થયું છે તો મર્સિડીઝમાં ન ફરો, ફોરેનમાં હોલિડે પર ન જાઓ. નાના એન્જોયમેન્ટ જરૂર કરો. ફાઈવસ્ટારમાં ખાવા જવાને બદલે બહાર નાની રેસ્ટરોંમાં સેવપૂરી ખાવા જાઓ. નાનું એન્જોયમેન્ટ તમારા મગજને ફરીથી નવેસરથી લડવા માટે તૈયાર કરશે. તમારી નિતિ સાફ હશે અને ખરેખર પરિસ્થિતિ વિકટ હશે તો સમાજ તમને મદદ કરશે. એક વાત યાદ રાખો ગુમાવેલો પૈસો કદાચ પાછો મળશે, પણ ગુમાવેલી આબરૂ મળશે નહીં.

જેમણે કોઈને આપેલા પૈસા પાછા નથી આવી રહ્યા તેમણે શું કરવું ? પહેલાં તો એમ કહીશ કે ધારો કે કોઈ પાર્ટીમાં તમારા પૈસા પાછા નથી આવ્યા અને બેન્ક કરતાં થોડા વધુ નફાની લાલચમાં તમે જે તે વ્યક્તિને પૈસા આપતા હતા એ સમયે જ તમને ખબર હતી કે એ પૈસા ડૂબી શકે છે. રિસ્ક છે એ તમને પહેલાંથી જ ખબર હતી. એટલે હવે ધીરજ ધરવી ઉચિત પર્યાય છે. જે વ્યક્તિને પૈસા આપ્યા છે તે ખરેખર જેન્યુન માણસ હોય તો તે પાછો બેઠો થાય ત્યાં સુધી રાહ જુઓ. તેની લાઈફસ્ટાઈલ પર નજર રાખો. સમય આવ્યે ફરી એકવાર તેને યાદ અપાવો.

એક વસ્તુ આપણે સૌએ યાદ રાખવાની જરૂર છે કે જ્યારે પણ રિફોર્મ થાય. પોલિસી બદલાય તો થોડો સમય ફરી પાછી ગાડી પાટે ચડતાં લાગવાનો જ છે. આ હિંમત હારવાનો નહીં, પણ ધીરજ ધરવાનો સમય છે. વર્ષોથી આગલી સરકારોએ આદરેલા ભ્રષ્ટાચારને કારણે બેન્કિંગ સેક્ટર દેવામાં ડૂબતું ગયું

અને આજે એનું જ આ પરિણામ છે. બેથી ત્રણ વર્ષનો સમય આપણી ઈકોનોમીને આપો એ સાતમાં આસમાન પર પહોંચશે એટલો આપણા સૌનો ગ્રોથ થશે. આના પહેલાં પણ મંદી આવી છે, નુકસાની વેઠી છે, પણ એ સમય સાથે બદલાતી બાબત છે એ વાત કોઈએ ભુલી ન જોઈએ.

એ વાત હું પણ સ્વીકારીશ કે ૪૦ વર્ષની મારી કારકીર્દિમાં અર્થતંત્રમાં આ સૌથી નબળો સમય છે. અત્યારના સમયે સરકારે થોડી સજાગતા દેખાડવાની ચોક્કસ જરૂર છે. મને ખાતરી છે કે બે કે ત્રણ પોલિસી લેવલના યોગ્ય નિર્ણય લેવાય તો ફરીથી ઈકોનોમી સ્ટેબલિટી મેળવી લેશે. સરકારે બેન્કોનું પ્રાઈવેટાઈઝેશન કરવાની દિશામાં નક્કર નિર્ણય લેવો જોઈએ અને એ માટે આ બજેટમાં ફાળવેલું ફન્ડ અનેક યોજનાઓમાં લગાવી રોજગારી વધારવી જોઈએ. ઓટોમોબાઈલ ક્ષેત્રે – કાર, સ્કૂટર અને કમર્શિયલ વેહિકલ્સને સરકારી પીઠબળની જરૂર છે. અત્યારે એ ઈન્ડસ્ટ્રીને સૌથી મોટી બ્રેક લાગી છે. આ ઈન્ડસ્ટ્રીના રો મટિરિયલ સાથે લગભગ સોએક અન્ય ઈન્ડસ્ટ્રી સંકળાયલી છે. જો એને પીઠબળ અપાય તો પોઝિટિવ અસર જોવા મળશે. સરકારે નાણાભીડને ઓછી કરવા લીકવીડિટી વધારવાની જરૂર છે. સાથે દરેક ક્ષેત્રના સંઘટનને બોલાવી તેમની મુશ્કેલીનો હલ કાઢવો જોઈએ.

દરેક દેશની ઈકોનોમી તથા પ્રગતિનો આધાર ત્યાંના વેપાર ધંધા ઉપર હોય છે. લોકોની ખરીદશક્તિ વધારે હશે તો ધંધા રોજગાર ચાલશે. રોજગારીની નવી તકો ઊભી કરવી પડશે. સામાન્ય જનતાને રાહત થાય તેવા પગલાં લેવાની સખત જરૂર છે. એક સર્વે મુજબ દેશના ચાર મેટ્રો સીટીમાં આશરે પંદર લાખથી વધુ ફ્લેટો ખાલી પડેલ છે. અને લાખો પ્રોજેક્ટસ અધૂરા પડ્યા છે. દેશની બેન્કોનો મોટા ભાગનો પૈસો આ સેક્ટર બ્લોક થઈ ગયો છે. દેશની ઈકોનોમી પાટે ચડાવી હોય તો પૈસાની તરલતા વધારી નાણાભીડને ઓછી કરવી પડશે. સરકાર અને વેપારી વર્ગ વચ્ચે કોમ્યુનિકેશન અત્યંત જરૂરી બન્યું છે. આપણે આશા રાખીએ કે ભાજપ તથા માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ દિશામાં જલદીથી પગલાં લઈ દેશને પ્રગતિને માર્ગે પાછો લઈ જશે.

*– સાભાર સર્જનહારમાંથી*

# પરિસ્થિતિની સ્થિતિ

■ પૂર્વી મોદી મલકાણ

मेरी ईतनी अच्छी स्थिति न आये की मै खुद का और मेरे आसपास के लोगों का आलंकन न कर पाऊँ, और इतनी बुरी स्थिति भी न आये की मै मै ना रहूँ और लोग लोग ना रहे।

*(महादेवी वर्मा)*

મને ખબર નથી પડતી, તેઓએ એમ શા માટે કર્યું? એઓ એમ કેમ કરી શકે?, શું તેમનું આ રીતે કરવું યોગ્ય હતું? મારાથી થાય તેટલી બધી જ મહેનત મે નાખેલી તેમ છતાં યે તેઓ કેમ ન સમજ્યા? તેઓને કોઈ પ્રોબ્લેમ હતો તો વાત કરવી જોઈએ ને? એમ કેટલાય પ્રશ્નો હોય છે જેનો જવાબ ચાહીએ ત્યારે મળી શકતો નથી, પણ અંતે કોઈ સમજદાર વ્યક્તિ હશે તો કહેશે કે, કદાચ તેમની પરિસ્થિતિ નહીં હોય અથવા તેમનાં કોઈ સંજોગો હશે. આ અંતની વાત એ જે તે વ્યક્તિએ જે પરિસ્થિતિ આવી છે તેનો તેણે સ્વીકાર કરી લીધો છે તેનું સૂચક છે. પણ આ સૂચક સુધી પહોંચતા અગાઉની યાત્રા ઘણી જ લાંબી હોય છે જે માનસિક રીતે વધારે લાંબી હોય છે અને તે લાંબા રસ્તાને પસાર કરવો બહુ મુશ્કેલ હોય છે.

અમેરિકન ડો. ક્રેઈગ લીચમેન (**Psychaitrist Therapist**) કહે છે કે, એવું નથી કે જે તે વ્યક્તિએ પૂરતો પ્રયાસ કે પુરુષાર્થ નથી કર્યો, બલ્કે તેણે તો અન્ય લોકો કરતાં પોતાની રીતે કશુક અલગ વિચારીને સૌથી સારું કરવા પ્રયત્ન કર્યો હતો પણ સામેવાળી વ્યક્તિનાં સંજોગો કશીક જુદી જ દિશામાં જઈ રહ્યાં હતાં, તેથી તેની પોતાની ઈચ્છા હોવા છતાં યે તેઓ પૂરતો ન્યાય ન આપી શક્યાં. આ બાબતનો અર્થ એ નથી કે, સામેવાળી

વ્યક્તિને પીડા નથી પહોંચી એને ય એટલી પીડા પહોંચી છે, કશીક સારી બાબત છૂટી ગયાંનો અફસોસ તેને ય થતો હોય છે પણ તે પરિસ્થિતિનું કોઈ નામ નથી હોતું બસ... તે આવી જાય છે.

આપણે જેની વાત કરી રહ્યાં છીએ તે પરિસ્થિતિનાં સ્થિતિ, અનુસ્થિતિ એમ બે પ્રકાર હોય છે. જોવાની વાત એ કે અનુસ્થિતિ ઉપરથી સ્થિતિનો ખ્યાલ આવે છે અને સ્થિતિ ઉપરથી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. આમ ભલે ત્રણેય સ્થિતિઓ એકબીજા સાથે સંકળાયેલી હોય તેમ છતાં યે ત્રણેયનો અર્થ જુદો જુદો થાય છે. દા..ત (૧) અનુસ્થિતિ એટલે વ્યક્તિત્વ અથવા અસ્તિત્વ. (૨) સ્થિતિ એટલે હાલત - દશા (૩) પરિસ્થિતિ એટલે કોઈ કારણને નિમિત્ત બનાવીને અથવા વ્યક્તિને કારણે ઊભી થતી સમસ્યા અથવા ઘટના. હવે આ ત્રણેય અર્થોને થોડા પ્રસંગોથી જોઈએ. દા.ત. જે તે વ્યક્તિ કેવી છે? તેનું વ્યક્તિત્વ શું છે, તે કયું કાર્ય શા માટે કરે છે, તે એમ વિચારે છે??? આ બધાં જ પ્રશ્નોનાં જવાબો જે તે વ્યક્તિનાં હાવભાવ, શારીરિક સ્થિતિ પર આધાર રાખે છે. જોવાની વાત એ કે, આપણે રોજે નવીજૂની અનેક વ્યક્તિઓને મળીએ છીએ ત્યારે તેનાં ચહેરા કે વસ્ત્રો પરથી તેને વધુ ઓળખવાનો સમજવાનો પ્રયત્ન કરતાં જ હોઈએ છીએ તેમ છતાં યે આપણે તેમને પૂર્ણ રીતે સમજી શકતાં નથી કારણ કે આપણું ધ્યાન તેનાં બાહ્ય દેખાવ પર વધુ હોય છે.

થોડાં દિવસ પહેલાં એક ઈન્ટરનેશનલ અર્થ કોન્ફરન્સમાં ભાગ લેવાનું થયું. આ કોન્ફરન્સમાં આવેલ પ્રત્યેક વ્યક્તિને હું મળી, પણ એક વ્યક્તિ ખાસ ભાર મૂકી ગઈ. બાંગ્લાદેશથી આવેલ ફતિહાએ અર્થ લાઈફ ઉપર સુંદર લેક્ચર આપ્યું, પણ જ્યારે અમારી વાતચીત થતી હતી ત્યારે તે રેફ્યુજીનાં નામ ઉપર થોડી ઝંખવાઈ ગઈ. તેનાં આ એક વાક્યથી આશ્ચર્ય પામી થોડી વિશેષ પૂછતાછ કરતાં જાણવા મળ્યું કે, તે અને તેનો પરિવાર બાંગ્લા અને મ્યાનમારની બોર્ડર પર રહેતો હતો. પણ બે અલગ પ્રજા વચ્ચે ભેદભાવને કારણે તેમનાં ઘરબાર છીનવાઈ ગયાં અને તેણે અને તેનાં પરિવારે ભારત-બાંગ્લા વચ્ચે રહેલ રેફ્યુજી કેમ્પમાં આશરો લીધો. આ કેમ્પમાં તેને ઘણાં અનુભવો થયાં. આ અનુભવો સામે લડતાં લડતાં અંતે એક એનઓજી દ્વારા તેઓ આ રેફ્યુજી કેમ્પમાંથી બહાર નીકળી એટલું જ નહીં પણ તેણી પોતાનાં વિષયનું લેક્ચર આપવાં છેક અમેરિકા પહોચી. આમાં જોવાની વાત એ કે, મ્યાનમારથી આ કેમ્પ સુધી પહોંચવાની તેની સફરને કારણે તેના સ્વભાવ અને હાવભાવથી ઓળખાઈ ગઈ કે, આના અમુક વિચારો આમ શા માટે છે.

બીજી રીતે કહું તો ફતિહાની ગઈકાલની હાલતથી સ્થિતિ ઊભી થઈ અને એ સ્થિતિથી તેની આજની પરિસ્થિતિ ઊભી થઈ. પણ સ્થિતિ અને પરિસ્થિતીની અસ્થિરતાએ તેને એટલી મજબૂત બનાવી કે તે આજે એક સ્પીકર તરીકે અમારી સામે ઊભી હતી અને લોકો તેને તાળીઓ સાથે વધાવતાં હતાં. જો'કે આમાં એવું યે થયું કે ફતિહાને મળતાં અમને થોડી લઘુતા ગ્રંથિ આવી ગઈ કારણ કે તેનાં અનુભવો પાસે અમારો આત્મવિશ્વાસ તો કાંઈ જ ન હતો. આમ અમારામાં આ વિચાર ઉદ્‌ભવવાનું કારણ એ કે, અમે તેનાં જેવી પરિસ્થિતિમાંથી ક્યારેય પસાર નથી થયાં. ફતિહાનો પ્રસંગ એક અલગ પ્રસંગ છે.

ત્યાં ડો ક્રેઈગ એમ પણ કહે છે કે, વ્યક્તિનો સ્વભાવ અંતર્મુખી છે કે બહિર્મુખી, જે તે વ્યક્તિની બોડી લેંગ્વેજથી, તેનાં સતત બદલાતાં મૂડથી, તેનાં વાણી અને વિચારથી, તે જે તે વ્યક્તિ સમજાય નહીં ત્યારે તમે એના પરિવારનો કોન્ટેક્ટ કરો કારણ કે આ પરિવાર જ જે તે વ્યક્તિનાં વ્યક્તિત્વની સંપૂર્ણ રૂપરેખાને પ્રગટ કરશે.

**સ્થિતિ પછીની પરિસ્થિતિનું બદલાતું વાતાવરણઃ-** સ્થિતિ પછીની પરિસ્થિતિનું બદલાતું વાતાવરણ બહુ અજીબ હોય છે. કારણ કે અનુકૂળ પરિસ્થિતિમાં સાથ આપનારા અને સાથ કામ કરનારા ઘણાં લોકો હોય છે પણ વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે સાથ દેનારા લોકો ઓછા હોય છે, પણ માણસનો આ સમય એવો હોય છે જ્યારે તે સાચા ખોટા સંબંધોનાં પરિણામને સમજી શકે છે અથવા તો સ્વને ય સમજી શકે છે. ઘણીવાર એવું થાય છે પ્રતિકૂળ પરિસ્થિતિ દરમ્યાન માણસ મોટાભાગે તૂટી જાય છે, અથવા સ્વ પર કાબુ નથી રાખી શકતો. આ સમય એવો હોય છે, જ્યારે વ્યક્તિમાં તણાવ, ગુસ્સો, દર્દ, ચિંતા

વગેરે જોવા મળે છે. આ બધાં જ તત્ત્વો વ્યક્તિની પરેશાનીમાં વધારો કરે છે, પણ હકીકત એ હોય છે કે, આ સમય તૂટવાનો નથી હોતો પણ માનસિક સંતુલન રાખી સ્વને જોડવાનો હોય છે. આ ખરાબ પરિસ્થિતિ અને ખરાબ સમય માટે દાદા રવિન્દ્રનાથ ઠાકુરની એક રચના સમજવા જેવી છે. ૧૯૦૫માં રચાયેલ ''તું એકલો જાને રે'' એ કાવ્યમાં દાદા ઠાકુર કહે છે કે, તારા જીવન સફરમાં અગર તને કોઈ સંગાથ મળતો નથી કે તારા ખરાબ સમયમાં તારાથી મો ફેરવી લે છે અથવા તારી એ ખરાબ પરિસ્થિતિમાં તારાથી ડરી તારા ચાલવાનાં માર્ગમાંથી એ પોતાનો માર્ગ ફેરવી લે છે ત્યારે તું તારી જાતને એકલો ન જાણ તું તારા મનને મજબૂત કર, હૃદયને સાંત્વના આપ અને તારો દીવો તું ખુદ બની એકલો નીકળી પડ તારા ધ્યેય તરફ યાદ રાખ કે આજની તારી હિંમત એ તારી આવતી કાલની સ્થિતિ વધુ સારી કરશે ત્યારે આજનો આ કપરો સમય અને આ પરિસ્થિતી નહીં હોય અને તારાથી દૂર થયેલાં લોકો તારી પાસે ફરીથી આવશે. પણ હવે તને ખબર છે કે, તારી અંધારી રાતે તારે માટે દીવો બનનાર કેટલી વ્યક્તિઓ તારી આસપાસ છે.

જ્યારે દીવો ન ધરે કોઈ,
ઓરે ઓરે ઓ અભાગી! દીવો ન ધરે કોઈ,
જ્યારે ઘનઘેરી તુફાની રાતે, બાર વાસે તને જોઈ;
ત્યારે આભની વીજે, તું સળગી જઈને
સૌનો દીવો એકલો થાને રે! - તારી જો

અંતઃ- જીવનમાં એવી કોઈ પરિસ્થિતિ નથી હોતી જેનું કોઈ સમાધાન ન હોય અને જો કોઈ સમાધાન ન થાય તેવી પરિસ્થિતિ હોય તો તે કાર્યને સમજીને તેને એ રીતે બદલવા પ્રયત્ન કરો કે મુશ્કેલીનો સમય પણ કહે; આહ...!! હું આવ્યો તો પરેશાન કરવા પણ હું જ પરેશાન થઈ અહીંથી ભાગી રહ્યો છું. (જીન હેબિટસની બુક ''બેટર ધેન બિફોર''માંથી) - *સાભાર સર્જનહારમાંથી*

# ચિંતનસૌરભ

- હિતની વાત હોય તો નાના બાળક પાસેથી પણ ગ્રહણ કરીએ છીએ તો પ્રભુની વાત સાંભળવાની, સ્વીકારવાની તૈયારી કેમ નહીં?
- પંખી માટે આકાશમાં ઊડવું એ અક્ષય સુખ છે, તેમ આત્મા માટે અહિંસામાં ઊડવું એ પરમસુખ છે. અહિંસા એટલે જીવોની હત્યા ન કરવી એટલું પૂરતું નથી, બલકે પ્રત્યેક જીવ માટે અપાર પ્રેમની ધારા વહે એ અહિંસા છે.
- અમે મૂર્ખ જ છીએ. હજુય ઉદ્ધતાઈથી ઘેરાયેલા છીએ. તેથી જ્ઞાની સંતોનાં આશીર્વચનથી વંચિત છીએ.
- પ્રમાદનો ત્યાગ અવશ્ય થવો જોઈએ. એ માટે પ્રતિજ્ઞાબદ્ધ થવું જ રહ્યું.
- જ્ઞાન મહત્ત્વનું પરિબળ છે. વસ્તુ-પરિસ્થિતિનું જ્ઞાન હોવું જરૂરી છે, પણ જ્ઞાન ક્રિયામાં ન પરિણમે તો બધું વ્યર્થ છે.
- તારા ગુણોથી બીજા પ્રભાવિત થાય તો તેમનું કલ્યાણ અવશ્ય થાય, પણ તારા ગુણોનો તને અહંકાર થાય તો ભવસાગરમાં ડૂબવાનો ભય છે.
- અમે હવે જાગૃત થયા છીએ, અમારા દોષોથી પરિચિત થયા છીએ. ઈન્દ્રિયવાસના કદી તૃપ્ત થવાની નથી. અમારે મૂઢતામાંથી બહાર નીકળી સંયમના માર્ગ પર ચાલવું છે.
- જેને જીવનમાં કોઈ સ્પૃહા જ નથી, તે ચક્રવર્તી કરતાંય સુખી છે, કારણકે તેને કાંઈ જ મેળવવાની કે સાચવવાની ઈચ્છા હોતી નથી. એ તો નિર્મળ ચિત્તનો સ્વામી છે.
- આત્મકલ્યાણના અર્થી જીવ બહુ ઓછા હોય છે. પ્રેયની પાછળ ભટકવાને બદલે શ્રેયની ભાવના સેવીએ.
- બાહ્ય આચાર સુંદર હોય, પણ મનની ભૂમિ નિર્મળ ન હોય તો કાંઈ અર્થ ન વળે.
- સાધનાના માર્ગમાં કષ્ટથી વ્યથિત થવાતું નથી, કારણ ત્યાં આત્માના ગુણો પ્રગટ થતા દેખાય છે.
- ભોગ ભોગવવાની આકાંક્ષા જ દુર્ગતિનું કારણ બને છે.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | દર્શન હેમંતકુમાર શાહ, ૬-૯-૧૯૯૦, ૫'-૧૧''<br>MBA | દશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>મ્હેસાણા | (મો) ૯૮૨૪૦૪૯૧૯૭<br>(મો) ૭૯૮૪૮૫૪૧૨૯ |
| ૨) | સૌરભ ભરત મહેતા, ૧૫-૩-૧૯૯૧, ૫-૬'<br>BAF. M.Com. - સર્વિસ + કમિશન | જૈન દેરાવાસી<br>મોરબી - બોરીવલી | (મો) ૯૩૨૩૧૧૪૬૯૫<br>(મો) ૯૭૭૩૩૩૮૬૯૮ |
| ૩) | દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨''<br>Bcom – | જૈન વિશા. ઓસવાલ દેરાવાસી<br>ગુજરાત - મુંબઈ | (મો) ૯૯૨૦૫૮૭૫૯૮<br>(મો) ૯૮૧૯૨૩૯૬૨૯ |
| ૪) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭'<br>Bcom - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૫) | મયંક રમેશભાઈ શાહ, ૧૫-૮-૧૯૮૮, ૬'-૩''<br>B.E. Engineering (નોંધઃ હાથમાં તકલીફ છે) | વાગડ વિશા ઓસવાલ જૈન દેરા.<br>આધોઈ-કચ્છ | (મો) ૯૭૬૯૨૮૦૮૫૦<br>(મો) - |
| ૬) | વિદિત રાજેશકુમાર શાહ, ૨-૧-૧૯૮૮, ૫'-૧૦''<br>B.Tech., M.B.A. (Insurance)– (છુટાછેડા) | શ્રી વીસાશ્રીમાળી દેરાવાસી જૈન<br>અમદાવાદ | (મો) ૯૪૦૮૨૮૦૮૧૬<br>(મો) ૯૮૭૯૪૦૮૨૮૭ |
| ૭) | નકુલ અશોક સવાણી, ૨૦-૩-૧૯૮૭, ૫-૬'<br>B.M.S. M.Com - સર્વિસ | જૈન દેરાવાસી<br>પંથવાડા - મુંબઈ | (મો) ૯૮૨૦૧૭૫૨૪૮<br>(મો) ૯૮૧૯૩૮૦૦૮૩ |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૨) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૩) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૪) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ) | (ઘર) -<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | પારૂલ કનુભાઈ વોરા ૨૮-૭-૧૯૭૧, ૫'-''<br>M.Com. | વિશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) ૯૯૮૭૩૭૫૮૩૧<br>(મો) - |
| ૬) | શિલ્પા કનુભાઈ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧''<br>B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) -<br>(મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૭) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭''<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૮) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી (ઈ) | (ઘર) -<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ

## પરિવાર ગીત (પ્રેરણા સ્તુતિ)

जीस देश में जीस वेश में परिवेश में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो
जीस गाम में जीस धाम में जीस काम में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो
जैन जागृति सद्प्रवृत्ति जिन भक्ति में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो
सद्भावना शुभकामना सत्संग में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो
जैन जागृति परिवार में परमार्थ में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

**"Inspirational Theme Song"**

**Sponsored by J.J.C. - Beachside**

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

# જે જે સી જુહુ બીચ

## જે જે સી જુહુ બીચનો એક નમ્ર પ્રયાસ

# Match Making

આજના આધુનિક Digital Marketing ના જમાનામાં
ઉત્પન્ન થયેલી વિકટ સમસ્યા એક સરખી વિચારસરણી ધરાવનારા એટલે...

## Perfect Match જીવનસાથીની શોધ

Life  Partner

રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૧ થી સાંજે ૬-૦૦ સુધી સોમવાર થી શનિવાર (જાહેર રજા - રવિવાર સિવાય)

| | | | |
|---|---|---|---|
| Kirtibhai Shah<br>93230 41653 | Jayantbhai Shah<br>99694 88954 | Vinodbhai Kapasi<br>98204 14472 | Bharatbhai Mehta<br>98335 15055 |
| Prajeshbhai Shah<br>98210 23112 | Shreyasbhai Shah<br>98200 80764 | Pankajbhai Vora<br>98204 57020 | Jitubhai Kothari<br>98210 12321 |

## જે જે સી જુહુ બીચ

૨૧૦, ૨જે માળે, એમ. એલ. સ્પેસ બિલ્ડિંગ, મેક ડોનાલ્ડની સામે, ડી. જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**

Advt